5/5/23, 8:28 AM

1683255403942.jpg

Sardar Gurjari 25/4/2023

# આણંદ એજ્યુકેશન કોલેજ દ્વારા વોલેન્ટરી નેચર કોન્ઝરવન્સીની મુલાકાતનું આયોજન

આણંદ, તા. ૨૪

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ દ્વારા વોલેન્ટરી નેચર કોન્ઝરવન્સી, વિદ્યાનગરની મુલાકાત તાજેતરમાં યોજવામાં આવી હતી. જેમાં સેમ-૪ની તાલીમાર્થી બહેનોએ પોતાના અભ્યાસક્રમ ઈપીસી-૩ પર્યાવરણ શિક્ષણ પેપર અંતર્ગત પર્યાવરણનાં સંરક્ષણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાની મુલાકાત લેવાના ભાગરૂપે વોલેન્ટરી નેચર કોન્ઝરવન્સી, વિદ્યાનગર સંસ્થાની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં ઈન્ચાર્જ અધ્યાપક ડૉ. બી.આર.મિસ્ત્રી અને ડૉ. એમ.એચ.રાઠોડ જોડાયા હતાં સંસ્થાના કાર્યો વિશેની માહિતી અનિરૂદ્ધભાઈ વસાવાએ આપી હતી સંસ્થા દ્વારા આણંદ એજ્યુકેશન કોલેજના આચાર્ય અધ્યાપકગણ વહીવટી કર્મચારીગણ, સેવકગણ તથા પ્રશિક્ષણાર્થી બહેનોને ચકલી ઘર ભેટ આપવામાં આવ્યા હતાં. તે બદલ અનિરૂધ્ધભાઈ વસાવાનો આભાર માનવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. ધીરજ આર.પરમારના માર્ગદર્શન હેઠળ ડૉ. બી.આર.મિસ્ત્રી અને ડૉ. એમ.એચ.રાઠોડે કર્યું હતું.

https://mail.google.com/mail/u/0/?tab=rm&ogbl#inbox?projector=1